આકાશવાણી, અમદાવાદ

02-08-2025 Midday: 2.30 to 2.35 pm

Saturday Regional News

## KISAN INSTALLMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશના વારાણસીથી પીએમ કિસાન સન્માન નિધિ – PM કિસાન યોજનાનો 20-મો હપ્તો જાહેર કર્યો. દરમિયાન દેશના નવ કરોડ 70 લાખથી વધુ ખેડૂતોને 20 હજાર 500 કરોડ રૂપિયાથી વધુ ચૂકવણી કરવામાં આવી. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું, ખેડૂતોના જીવનમાં પરિવર્તન લાવવા તેમની આવક વધારવા, ખેતી પર થતા ખર્ચને ઘટાડવા સરકાર સંપૂર્ણ શક્તિ સાથે કામ કરી રહી છે.

દરમિયાન ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં પીએમ કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો. આ પ્રસંગે શ્રી પટેલના હસ્તે પીએમ કિસાન યોજના હેઠળ રાજ્યના 52 લાખ 16 હજારથી વધુ ખેડૂત પરિવારને એક હજાર 118 કરોડ રૂપિયાથી વધુની 20મા હપ્તા સ્વરૂપે ડાયરેક્ટ બેન્ક ટ્રાન્સફર-DBT મારફતે સહાયનું વિતરણ કરાયું.

રાજકોટથી વર્ચ્યૂઅલ માધ્યમથી ઉપસ્થિત કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, ખેડૂતોને સહાયરૂપ થવા પીએમ કિસાન યોજના અમલમાં મૂકાઇ છે.

. . . . . . . . . .

## GANDHINAGAR DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષ 2025માં મહાનગરો અને નગરોને વિકાસ દ્રષ્ટિ સાથેની વ્યૂહરચના તૈયાર કરવા અને તેના અમલ માટેની સમયમર્યાદાના આયોજન માટે આહ્વાન કર્યું. ગાંધીનગરના 61-મા સ્થાપના દિવસ પ્રસંગે મહાનગરપાલિકાના વિકાસ વિઝનની જાહેરાત કરતાં આજે શ્રી પટેલે આ વાત કહી. તેમણે ગાંધીનગરના લોકોને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પણ પાઠવી.

. . . . . . . . . .

## DADRA AND NAGARHAVELI MIUKTI DIVAS

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલીનો આજે 72-મો મુક્તિ દિવસ છે. આજે કલેક્ટર કચેરી ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવી ઉજવણી કરવામાં આવી. જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોરે ધ્વજવંદન પછી પોલીસ પરેડની સલામી ઝીલી હતી. દરમિયાન કલેક્ટર, ઉચ્ચ અધિકારીઓ અને પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા ઝંડા ચોક ખાતે શહીદ સ્મારક પર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધા સુમન અર્પણ કરાયા.

ઉલ્લેખનીય છે કે, બીજી ઑગસ્ટ 1954ના દિવસે દાદરા અને નગરહવેલી પોર્ટુગીઝ શાસનમાંથી મુક્ત થયું હતું.

. . . . . . . . . .

## MEHSANA MEDAL

મહેસાણાના બે ખેલાડીએ રાષ્ટ્રીય કક્ષાની કુસ્તી સ્પર્ધામાં ચંદ્રક જીતી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. છત્તીસગઢના બિલાસપુર ખાતે રેસલિંગ ફેડરેશન ઑફ ઈન્ડિયા અને ગ્રેપ્લિંગ કમિટી ઑફ ઈન્ડિયા દ્વારા પાંચમી સબ જૂનિયર કેડેટ રેસલીંગ નૅશનલ ચેમ્પિયનશીપ યોજાઈ, જેમાં સમગ્ર દેશમાંથી 13 વર્ષથી ઓછી વયના ખેલાડીઓએ ભાગ લીધો. તેમાં મહેસાણાની બજરંગ વ્યાયામ શાળાના યુગ પ્રજાપતિએ 38 કિલો વર્ગમાં રજત અને દિવ્ય ઓઝાએ 42 કિલો વર્ગમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

. . . . . . . . . . .

## PANCHMAHAL NEW BUSES

શિક્ષણ મંત્રી અને પંચમહાલના પ્રભારી મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરના હસ્તે આજે ગોધરા બસ મથક ખાતે નવી બસ સેવાનું લોકાર્પણ કરાયું. આ પ્રસંગે મહાનુભાવોએ વાઘજીપૂરથી ગાંધીનગરના માર્ગ પર દોડનારી નવી બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું.

આ પ્રસંગે શ્રી ડિંડોરે કહ્યું, નવી બસ શરૂ થવાથી શહેરા, મોરવા અને આસપાસના વિસ્તારના લોકોને મહત્તમ લાભ મળશે. ગોધરા ડિવિઝનમાં ત્રણ જિલ્લામાં કુલ 135 જેટલી નવીન બસ ફાળવવામાં આવી છે અને નવા માર્ગ પણ શરૂ કરાશે. આગામી સમયમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ટ્રાઈબલ વિસ્તારો માટે મિની બસ શરૂ કરાશે તેવી પણ શ્રી ડિંડોરે જાહેરાત કરી.

. . . . . . . . . . .